## જન્મદિને વધામણી



ભારતી પરિમલ પટેલ



ખુશાલભાઈ પરમાર
સભ્ય, ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશન, ગાંધીનગર



રાજવીરસિંહ વિક્રમસિંહ વાઘેલા
મો. ૯૭૨૩૬ ૧૬૭૨૬



દશરથ રામજીભાઈ ઠાકોર

# સ્કૂલ ઑફ અચિવર, કુડાસણના વિદ્યાર્થીઓએ વિશ્વ હવામાન દિવસ ઉજવ્યો





ગાંધીનગર, તા. ૨૬

વિશ્વ હવામાન દિવસ નિમિત્તે સ્કૂલ ઑફ અચિવર, કુડાસણના ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના ધોરણ-૮ અને ૯ના વિદ્યાર્થીઓ હવામાન ખાતા દ્વારા આયોજિત વિશ્વ હવામાન દિવસ અંતર્ગત આયોજિત સૅમિનારની મુલાકાત લીધી હતી.

અહીં તેમણે હવામાન ખાતાની વિવિધ જાણકારી જેવી કે તાપમાન, હવાનું દબાણ તેમજ વરસાદ, બાષ્પીભાવન, પવનની દિશા અને ગતિ વગેરેની માહિતી મેળવી હતી. સૂર્યનાં કિરણોની શક્તિ તેમજ તેનું પ્રમાણ માપવાનાં સાધનો વિશેની ખૂબ જ ઉપયોગી માહિતી પ્રાપ્ત કરી હતી.

### કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન

# ફૅકલ્ટી ઑફ ઍજ્યુકેશનના પૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા બીજી એપ્રિલે 'સ્વર સંધ્યા' કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૬

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ફૅકલ્ટી ઑફ ઍજ્યુકેશન, સૅક્ટર-૨૩, ગાંધીનગરની બીઍડ, ઍમઍડ, ઍમફિલ અને પીઍચડીના પૂર્વ તાલીમાર્થીઓનો કૉલેજ સાથેનો સેતુ મજબૂત બનતો રહે તેમજ કૉલેજ અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ એકબીજાને અરસ-પરસ મદદરૂપ થાય તે હેતુથી પૂર્વ તાલીમાર્થી મંડળ ચાલી રહ્યું છે. તે અંતર્ગત અનેકવિધ પ્રવૃત્તિઓ ચાલે છે, જેમાં તા. ૨ એપ્રિલ, ૨૦૧૬ ને શનિવારના રોજ સાંજે ૩થી ૬ કલાક દરમ્યાન શેઠ શ્રી ખીમજી વિસરામ હૉલ ખાતે 'સ્વર સંધ્યા' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમને સૂરોથી સુશોભિત કરવા ગાયક કલાકાર ધૃતિબેન ઓઝા અને સાથીદારો તથા સંગીતકાર દિપેશભાઈ દેસાઈ ઉપસ્થિત રહેશે.

# વિદ્યાર્થીનીઓ માટે સૅલ્ફ ડિફેન્સ સૅમિનાર

ગાંધીનગર, તા. ૨૬

સ્કૂલ ઑફ અચિવર, કુડાસણ દ્વારા ધોરણ-૭,૮,૯ની વિદ્યાર્થીનીઓ માટે સૅલ્ફ ડિફેન્સનો કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો. આ સૅમિનાર ઋષિરાજ ફાઉન્ડેશનના સૅન્સેઈ ઉજ્જવલ જયસ્વાલ દ્વારા આયોજિત કરવામાં આવ્યો હતો. પોતાનો ડર કઈ રીતે દૂર કરવો, પોતાની જાતને બહારી હૂમલાઓથી કઈ ટેકનીકથી સુરક્ષિત કરવી તેની જાણકારી મેળવી, પોતાના શરીરને હથિયાર તરીકે કઈ રીતે ઉપયોગ કરવો, અનિચ્છનીય પરિસ્થિતિમાંથી કઈ રીતે બહાર નીકળવું ઉપરાંત પોતાની શારીરિક અને માનસિક સ્થિતિને કઈ રીતે મજબૂત બનાવવી એ બધી બાબતોની જાણકારી અને તાલીમ આ સૅમિનાર અંતર્ગત વિદ્યાર્થીનીઓને આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ આ સૅમિનારમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને આત્મ રક્ષણની જરૂરી તાલીમ મેળવી હતી.

# 'રંગોલી'ને બેસ્ટ પ્રિસ્કૂલ ઍવોર્ડ




ગાંધીનગરના શિક્ષણપ્રેમી દંપતિ દ્વારા સ્થાપિત અને રાજ્યભરમાં જેની ૫૫ જેટલી શાખાઓ છે એવી રંગોલી પ્રિસ્કૂલને તાજેતરમાં ઍજ્યુકેશન ઍક્સલન્સ ઍવોર્ડ પ્રાપ્ત થયો છે. 'પ્રિસ્કૂલ ઑફ ધ યર : ગુજરાત' કૅટેગરીનો આ ઍવોર્ડ 'રંગોલી'ના સ્થાપક દંપતિ પ્રહર અંજારિયા અને અનામિકા અંજારિયા દ્વારા દિલ્હી ખાતે આયોજિત એક સમારોહ અંતર્ગત સ્વીકારવામાં આવ્યો હતો.




ગાંધીનગર મ્યુનિસિપલ કૉર્પોરેશન, વૉર્ડ-૪ અને અરિહંત આર્ટ્સ કૉમ્યુનિકેશન દ્વારા સૂર્યનારાયણ સોસાયટી, સૅક્ટર-૨૫ ખાતે 'પાણી બચાવો' સંદેશ આપતું શેરી નાટક પ્રસ્તુત કરવામાં આવ્યું હતું. સ્વચ્છતા, નિર્મલ ભારત, વ્યનસમુક્તિ અભિયાન જેવા લોકોપયોગી વિષયો પર કાર્ય કરતી સંસ્થા દ્વારા આ શેરી નાટકની પ્રસ્તુતિને નિહાળવા સ્થાનિક નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

## મનોરંજન

### સિટી પલ્સ

**સ્ક્રીન-૨**
રૉકી હૅન્ડસમ
૧૨.૧૫, ૨.૪૫, ૫.૧૫, ૭.૪૫, ૧૦.૧૫

**સ્ક્રીન-૩**
બૅટમૅન વર્સીસ સુપરમૅન (૩ડી અંગ્રેજી)
૧.૦૦, ૭.૦૦
બૅટમૅન વર્સીસ સુપરમૅન (૩ડી હિન્દી)
૪.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૪**
૩ ડોબા (ગુજરાતી)
૪.૦૦
કપૂર ઍન્ડ સન્સ
૧૨.૪૫, ૧૦.૦૦
જય ગંગાજલ
૭.૦૦

**સ્ક્રીન-૫**
રૉકી હૅન્ડસમ
૧૦.૦૦, ૧.૧૫, ૯.૩૦
કપૂર ઍન્ડ સન્સ
૩.૪૫, ૬.૪૫

# ઍમ બી પટેલ કન્યા શાળામાં આનંદ મેળાનું આયોજન કરાયું

ગાંધીનગર, તા. ૨૬

કડી સર્વ વિદ્યાલય સંકુલમાં એમ.બી. પટેલ પ્રાથમિક કન્યા શાળામાં 'આનંદ મેળો' યોજાયો હતો. આ આનંદમેળામાં 'સ્કાઉટ ગાઈડ'ની સ્વયં સેવિકા વિદ્યાર્થીનીઓએ ભાગ લઈ સ્ટોલમાંથી આવક ઉભી કરી હતી. આ આવકનો ઉપયોગ તેમણે ઘ-૬ સર્કલ પાસે ચાલતા અક્ષરજ્ઞાન વર્ગોના ઝુંપડપટ્ટીમાં રહેતા શ્રમિક પરિવારના બાળકોને મદદરૂપ થવા માટે કર્યો હતો. તેમણે આશરે ૫૦ જેટલા બાળકોને નોટબુક-ચોપડા-બોલપેન વગેરેની કીટનું વિતરણ કર્યું હતું. આ પ્રસંગે કેમ્પસ ડાયરેક્ટર ડૉ. સોમભાઈ પટેલ, આચાર્યા નીરુબેન પટેલ તથા સ્કાઉટ ગાઈડ ઈન્ચાર્જ શિક્ષિકા સરિતા ત્રિપાઠીએ પ્રેરક હાજરી આપી હતી.





રંગોના ઉત્સવ હોળીને ઉજવવા અમદાવાદમાં આર સી હોલી ફેસ્ટીવલમાં ખેલૈયા મન મૂકીને સંગીતની સાથે હિલોળે ચડ્યા હતા. આરસી ઈવેન્ટ દ્વારા આયોજિત આ હોલી ફેસ્ટીવલમાં યુગ પાર્ટી, ઘુમર ડાન્સ, ફોક મ્યુઝીક અને કાલબેલિયા ડાન્સના તાલે અમદાવાદીઓએ ધૂમ મચાવી હતી. અમદાવાદમાં હોલી ફેસ્ટીવલમાં રાજસ્થાનના બિકાનેર, જેસલમેર અને જોધપુરના જાણીતા કલાકારોએ પરફોર્મન્સ આપ્યું હતું. કે કે ફાર્મ, સિંધુ ભવન ખાતે યોજાયેલા આ હોલી ફેસ્ટીવલમાં રંગોની છોળો વચ્ચે સંગીત અને ફેસ્ટીવ ડિનરની મજા રંગરસિયાઓએ માણી હતી. આ સમગ્ર આયોજનમાં મંગલ ટેક્સટાઈલના મોતીલાલ શેખાની, કાંકરિયા ટેક્સટાઈલના પી આર કાંકરીયા, અર્કિન ઇન્ડિયાના મહેન્દ્ર જીરાવાલા અને જતીન જીરાવાલા, સનસ્ટાર બાયો પોલીમર્સના ગૌતમ ચૌધરી, કટારીયા ઓટોમોબાઈલ્સના નવીન જૈનનો સહકાર રહ્યો હતો. આ ઉપરાંત આ હોલી ફેસ્ટીવલના આયોજનમાં અશોક ભણસાલી, અમિત બાંઠિયા, મનોજ કચેરીયા, યોગેશ ગુપ્તા, અનિલ શાહ, સુનિલ કોઠારી અને જગદીશ અગ્રવાલનો મહત્ત્વનો ફાળો રહ્યો હતો.

### યોગિની પંચાલ રચિત કાવ્ય સંગ્રહ 'શ્વાસ'

# સાહિત્ય પ્રેમીઓ માટે સાહિત્ય સંગમ બની રહેશે

## 'અફિણના આશરામાં રાત વીતે છે, સૂમસામ જગતમાં દિવસો થોભે છે !




કવિ કે કવયિત્રી પોતાના વિચારની લંબાઈ અને પહોળાઈ પ્રમાણે ઓળખાય છે. કવિતા એટલે જીવનની સમીક્ષા તેમજ જીવનનું અનુકરણ. કવિતા તે મનની શાંત પળોમાં સાંભળેલો ચિત્રક્ષોભ છે. એવું કહેવાય છે કે કોઈપણ નિર્જન પ્રક્રિયા સમયે એનો સર્જક પ્રત્યંચા પર ચડેલા તીર જેવો હોય છે અને વાતાવરણમાં ધ્વનિઓ અને સંકેતોથી એ અજાણ બની જાય છે. યોગિન પંચાલ રચિત કાવ્ય સંગ્રહ 'શ્વસ' દરેક ઉંમરના સાહિત્યપ્રેમીઓ માટે રચાયો છે, તે તેમના માટે એક સાહિત્ય સંગમ બની રહેશે એમાં કોઈ શંકા નથી.

યોગિની પંચાલ લેખનના ગુણો પોતાના વારસામાં ધરાવે છે. તેમના કાવ્યસંગ્રહ શ્વાસમાં વિવિધ કાવ્યોમાં દેખાતી સર્જનાત્મકતા પાછળ બે ચાલક બળ છે : એક તો તેમનામાં રહેલી કુદરતી પ્રતિભા અને બીજું એમના દાદા સ્વ. રતિલાલ ગોવિંદલાલ પંચાલ 'મધુર' જેઓ પોતાના સમયના જાણીતા વિચારક, સમાજ સુધારક, કવિ, લેખક અને પ્રકાશક હતા. તેમના સંસ્કાર બીજરૂપી સાહિત્ય વારસો પૌત્રી તરીકે યોગિનીએ દિપાવ્યો છે.

સમાજશાસ્ત્રમાં એમએ તથા મેડિકલ ક્ષેત્રે ડીએમએલટીની પદવી ધરાવતી કવયિત્રી યોગિનીનો આ પ્રથમ કાવ્ય સંગ્રહ છે. જેમાં તેમણે પ્રકૃતિ જીવન, માનવ સંબંધો અને લાગણીઓને કાવ્યાત્મક ગૂંથણીથી ઉજાગર કરી છે. શ્વાસમાં તેમની અભિરુચિ, ઉર્મિઓ, ભાવ, કલ્પનાઓ અને સાહજિકતાથી ફૂટી આવતાં કાવ્યો ભાવકનાં હૃદયોને તરબતર કર્યા વિના રહેશે નહીં. કાવ્યોનું રસપાન કરતાં તૃપ્તિ અને અનુભવની પ્રાપ્તિ મળે છે. તેમણે પોતાનાં કાવ્યોમાં ઉપમા અલંકારનો છૂટથી ઉપયોગ કર્યો છે. કદાચ એની પાછળ કોઈ છૂપું રહસ્ય હોઈ શકે. યોગિનીનાં કેટલાંક કાવ્યોમાં સંવેદનાની સાથે સાથે સુંદરતાની અભિવ્યક્તિ જોવા મળે છે. આ કાવ્ય સંગ્રહમાં 'જીવ વગરનું ખોળિયું'માં યોગિનીએ લખ્યું છે,


'અફિણના આશરામાં રાત વીતે છે, સૂમસામ જગતમાં દિવસો થોભે છે ! અશ્વાવને અદ્વિતિય સઘળું લાગે છે, એકાંતભરી સાંજ ભયમાં વીતે છે !'

આજના યુવાવર્ગને અનુલક્ષીને લખાયેલી આ કવિતાઓ યુવાપેઢીને તો ગમશે જ અને સાથે સાથે સમાજના દરેક વયના લોકોને પસંદ પડે તેવી છે અને વાચકોના દિલ અને દિમાગને પણ સ્પર્શી તેમજ જકડી રાખે છે. યોગિનીએ 'શ્વાસ' જેવું સુંદર નજરાણું કાવ્ય જગતમાં પ્રસ્તુત કરી કાવ્ય પ્રેમીઓની લાગણીઓમાં પ્રેમનો અહેસાસ કરાવ્યો છે. મૌલિકતા, સુઘડતા અને વિવિધતાથી સજ્જ 'શ્વાસ' કાવ્ય સંગ્રહ મોરપીંછ જેવો રળિયામણો લાગે છે. કવિતા, લેખન, ફોટોગ્રાફ અને પ્રવાસનો શોખ ધરાવતાં યોગિની પંચાલના આ કાવ્ય સંગ્રહમાં સર્જકતાનો જે ઉન્મેષ પ્રગટ્યો છે તે જોતાં એમની પાસેથી વધુ કાવ્યો મળતાં રહેશે એવી આશા જરૂર રાખી શકાય.

**- ભંવર કેલ્લા**

# થિએટર પોતાનાં બારણાં ઉઘાડી રહ્યું છે, એમાં દરેકને મુક્ત પ્રવેશ મળશે

## માત્ર એક જ પ્રકારનું થિએટર કોઈને જોઈતું નથી અને એ થિએટર છે : રાજ રમતોનું, રાજકીય રમખાણોનું થિએટર




આજે ૨૭ માર્ચ, વિશ્વ રંગભૂમિ દિવસ. પરફોર્મિંગ આર્ટ માટેના વિશ્વકક્ષાની સંસ્થાના એકમ 'ઈન્ટરનેશનલ થિયેટર ઈન્સ્ટીટ્યુટ' (આઈટીઆઈ) દ્વારા ૧૯૬૧માં સૌપ્રથમ આ દિવસની ઉજવણીનો આરંભ કરવામાં આવ્યો. એ પછી દુનિયામાં ન માત્ર આઈટીઆઈનાં સૅન્ટર્સ દ્વારા પરંતુ, અન્ય થિએટર પ્રેમી સંસ્થાઓ અને કલાકારો દ્વારા પણ આ દિવસની ઉજવણીનો ક્રમ આરંભાયો છે, જેનો એકમાત્ર હેતુ હોય છે આ ઉજવણીના સંદેશનો લોકોમાં પ્રસાર કરવાનો.

આ દિવસની ઉજવણી નિમિત્તે સર્વપ્રથમ ૧૯૬૨માં એક સંદેશ દુનિયાને આપવામાં આવ્યો હતો, જે આપ્યો હતો ફ્રાન્સના જીન કોકટેઉએ. એ પછી દર વર્ષે કોઈને કોઈ થિએટરકર્મી પોતાનો સંદેશ દુનિયાભરનાથિએટરકર્મીઓ વતી દુનિયાને પહોંચાડે છે. આ વખતે આવો પચાસમો સંદેશ દુનિયાને મળ્યો છે. એન્ટોલિ વાસિલિવ નામના આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત રશિયન ડિરેક્ટર અને રશિયન થિએટરના પ્રૉફેસર દ્વારા આ સંદેશ જારી કરાયો છે, જે સંવેનદશીલ માનવતાની એક હૃદયસ્પર્શી વાત રજૂ કરે છે. આ સંદેશો આ મુજબ છે :

**શું આપણને થિએટરની જરૂર છે ?**


થિએટરથી નિરાશ થયેલા હજારો રંગકર્મીઓ અને કંટાળેલા અન્ય લાખો લોકો આ પ્રશ્ન પૂછી રહ્યા છે.

**આપણને એની શા માટે જરૂર છે ?**

શહેરો, રાજ્યોની ભૂમિ પર વાસ્તવિક જીવનનાં જે સાચાં દૃશ્યો ભજવાય છે એની સરખામણીએ સ્ટેજનાં દૃશ્યોનું કંઈ મહત્ત્વ રહેતું નથી.

**એ આપણા માટે શું છે ?**

થિએટર્સની સોને મઢેલી ગેલેરીઝ અને વિશાળ બાલ્કનીઝમાં, વેલ્વેટની આરામ ખુરશીઓમાં, ગંદી સ્ટેજ વિંગ્સમાં, અભિનેતાઓના ઘડાયેલા કે ન ઘડાયેલા અવાજોની વચ્ચે પણ કંઈક જૂદું તરી આવશે : માટી અને લોહીથી ખરડાયેલાં કાળાં બૉક્સ, જેમાં નગ્ન માનવ શરીરો ભરેલાં છે.



**એ આપણને શું સૂચવે છે ?**

બધું જ. થિએટર આપણને બધું જ કહી શકે છે.

સ્વર્ગમાં દેવો કેવી રીતે વસે છે, વિસરાયેલી ભૂગર્ભ કોટડીઓમાં કેદીઓ કેવી રીતે જીવે છે, આપણામાં ઝનૂન કેવી રીતે સંચરે છે, પ્રેમ આપણને કેવી રીતે બરબાદ કરે છે, આ જગતમાં સારી વ્યક્તિની કોઈને જરૂર કેમ નથી, શાસન કેવી છેતરપિંડી આચરે છે, લોકો ઍપાર્ટમૅન્ટ્સમાં કેવી રીતે રહી શકે છે, નિરાશ્રિત છાવણીઓમાં બાળકો કેવી રીતે કરમાય છે, કેવી રીતે એ બધું જ રણમાં પાછું ફરે છે અને દિન-પ્રતિદિન આપણે આપણા વ્હાલા લોકોથી છૂટા પડવા મજબૂર થઈએ છીએ - થિએટર બધું જ કહી શકે છે.

થિએટર હંમેશાંથી હતું અને હંમેશાં રહેશે.

અને હવે, છેલ્લાં પચાસ કે સિત્તેર વર્ષોમાં એ જરૂરી બની ગયું છે. જો તમે બધી જ લોક કલાઓ ઉપર એક નજર નાખો તો એક બાબત સ્પષ્ટ નજરે ચડશે કે માત્ર થિએટર જ આપણને મોં માટે શબ્દ આપે છે, જોવા માટે નજર આપે છે, અને હાથ તથા તન માટે ઈશારો આપે છે. માનવો વચ્ચે કામ કરવા માટે તેને કોઈ મધ્યસ્થીની જરૂર નથી, તે પ્રકાશની સૌથી પારદર્શી બાજુમાં રચાયું છે, તે ન તો દક્ષિણ તરફ છે, ન ઉત્તર, ન પૂર્વ કે પશ્ચિમ તરફ - તે પોતે પ્રકાશનો સાર છે, જે દુનિયાના ચારેય ખૂણાઓમાંથી પ્રકાશિત થાય છે અને પોતાના તરફી હોય કે વિરુદ્ધ હોય તેવી દુનિયાની કોઈપણ વ્યક્તિ તેને તરત જ ઓળખી શકે છે.

થિએટર હંમેશાં જૂદું રહે એ આપણી જરૂરિયાત છે, આપણને ઘણાં જૂદા પ્રકારનાં થિએટરની જરૂર છે. હું એવું માનું છું કે બધા પ્રકાર અને આકારોના થિએટરમાંથી જે સૌથી સામાન્ય થિએટરનો પ્રકાર છે એની આપણે જરૂર છે. થિએટરનું જે રૂઢિચુસ્ત સ્વરૂપ હતું એને સુસંસ્કૃત રાષ્ટ્રોએ નાહક અવગણવું ન જોઈએ. કારણ કે આજે કહેવાતું નિરપેક્ષ થિએટર કે સાંસ્કૃતિક માહિતીનું થિએટર આપણા સાદા-સરળ થિએટરનું સ્થાન લઈ રહ્યું છે.

પણ હવે મને સ્પષ્ટ દેખાય છે કે થિએટર જ પોતાનાં બારણાં ઉઘાડી રહ્યું છે જેમાં દરેકને મુક્ત પ્રવેશ મળશે...

પેલાં બધાં યંત્રો અને કોમ્પ્યુટર્સને ગણશો જ નહીં, થિએટરમાં મુક્તપણે તમે ગમે ત્યાં બેસી ત્યાં સંભળાતા શબ્દો અને દેખાતાં દૃશ્યો નિહાળો અને માણો - એ આપણું થિએટર છે. એના તરફ પીઠ ફેરવ્યા વિના જઈને આવડે એવો ભાગ લેવા માંડો. કારણ કે આજના એક પ્રકારના વ્યર્થ જીવનમાં એ સૌથી કિંમતી તક છે.

**આપણને દરેક પ્રકારના થિએટરની જરૂર છે**

માત્ર એક જ પ્રકારનું થિએટર કોઈને જોઈતું નથી. અને એ થિએટર છે : રાજ રમતોનું, રાજકીય રમખાણોનું થિએટર; જ્યાં નિત્ય વ્યકિતગત કે સામુહિક આતંક ફેલાવાતો હોય એવા થિએટરની કોઈને જરૂર નથી, આપણી રાજધાનીઓમાં મૃતદેહોની દુર્ગંધ આવે, શહેરોનાં મેદાનો અને શેરીઓ લોહીથી ખરડાયેલી હોય- જ્યાં ધર્મ કે જાતિઓ વચ્ચે લોહીયાળ સંઘર્ષો ફેલાવાતા હોય. . . ...એવા થિએટરની કોઈને જરૂર નથી. . .!